પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૭૦ • કુલ પાના : ૪ • તારીખ : ૧૧-૦૭-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાતમાં બારે મેઘ ખાંઘા, ચાર કલાકમાં વઘઈમાં ૬.૪ ઈંચ વરસાદ ખાબક્યો



સુરત,

આજે દક્ષિણ ગુજરાતમાં ધોધમાર મેઘ વરસી રહ્યો છે. ત્યારે આજે સવારે ૬થી ૧૦ કલાકમાં ડાંગના વઘઈમાં ૬.૪ ઈંચ ખાબક્યો છે. આ સાથે ડાંગના આહવામાં ૪.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં સવારે ચાર કલાકમાં ૬૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં હજી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સવારે ૬થી ૧૦ના વરસાદના આંકડાની વાત કરીએ તો, ડાંગનાં વઘઈમાં ૧૬૦ એમએમ, આહવામાં ૧૧૨ એમએમ, નર્મદાના સાગબારામાં ૧૦૩ એમએમ, તાપી ડોલવણમાં ૧૦૦ એમએમ, બોડેલીમાં ૯૪ એમએમ, નવસારીનાં વાસંદામાં ૮૮ એમએમ, ડેડિયાપાડામાં ૮૩ એમએમ, ડાંગના સુબિરમાં ૬૬ એમએમ વરસાદ વરસ્યો છે. ઉમરપાડા, અબડાસા અને કવાંટમાં ૪૦ એમએમ જેટલો વરસાદ વરસ્યો છે. આ સાથે ચાર કલાકમાં ગુજરાતનાં ૬૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે.

નવસારી જિલ્લા સહિત ઉપરવાસમાં ભારે વરસાદને કારણે જિલ્લાની કાવેરી અને અંબિકા નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે નદીઓ બે કાંઠે વહેવા માંડી છે. નદીઓના જળસ્તરમાં સતત વધારેને કારણે તંત્રની ચિંતા વધી છે. જો સાંજ સુધી વરસાદની આજ સ્થિતિ રહેશે તો નવસારી જીલ્લાના ચીખલી અને ગણદેવી તાલુકામાં માટે ચિંતાનો વિષય છે. જેને લઈ તંત્ર દ્વારા પણ ચીખલી અને ગણદેવી તાલુકાના અંદાજે ૨૪થી વધુ ગામોને એલર્ટ કરાયા છે. આ સાથે જ લોકોને નદી કિનારે ન જવાની અપીલ કરવામાં આવી છે.વલસાડમાં પણ બારે મેઘ ખાંઘા જેવી સ્થિતિ થઈ ગઈ છે. ઉપરવાસમાં પડી રહેલા વરસાદને લઈને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સતત મોનિટરિંગ કરી રહ્યું છે અને વલસાડના ઉચ્ચ અધિકારીઓ પણ હાલ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઓફિસમાં છે. વલસાડ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઓફિસમાં વલસાડ કલેક્ટર તથા ડીડીઓ સતત મોનિટરિંગ કરી રહ્યા છે. વલસાડમાં આવેલી પૂર જેવી સ્થિતિનું સતત મોનિટરિંગ સાથે વલસાડ કલેક્ટરે જણાવ્યું હતું કે, વલસાડ નગરપાલિકાની ટીમ અને મામલતદારની ટીમ નીચાણવાળા વિસ્તારોને મોનિટર કરી રહ્યા છે. લોકોને સ્થળાંતર કરવાની તમામ કાર્યવાહી કરી રહ્યા છે. આ સાથે નજીકમાં સેન્ટર હોમ પણ બનાવવામાં આવ્યા છે. જ્યાં જમવા રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી જામેલી વરસાદની હેલીને કારણે જિલ્લાની તમામ નદીઓ તોફાની સ્વરૂપે વહી રહી છે. ધરમપુરની માન નદીમાં પણ પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ધરમપુરના નાની ઢોલડુંગરી અને બામટી વચ્ચેથી પસાર થતી માન નદીના પાણીએ કિનારો વટાવતા માન નદીના પાણી પુલ પર ફરી વળ્યા છે. આથી અનેક ગામનો સંપર્ક કપાયો છે. નોકરી ધંધે જતા લોકો અને શાળાએ જતા બાળકો પણ અટવાઈ ગયા છે.

ધરમપુર તાલુકામાં છેલ્લા બે દિવસમાં ૧૬ ઈંચથી વધારે વરસાદ ખાબક્યો છે. આથી તાલુકાના તમામ નદી નાળાઓ તોફાની સ્વરૂપે વહી રહ્યા છે. પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે માન નદીના પૂર પર પુલ પર પાણી ફરી વળતા બંને બાજુના ગામોનો સંપર્ક કપાયો છે. આમ જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને કારણે જિલ્લાનું જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.

આ સાથે વલસાડની ઓરંગા નદીમાં પૂર આવ્યું છે. શહેરના કાશ્મીર નગર, બરૂડિયા સહિતના વિસ્તારોમાં લોકોના ઘરમાં પણ પાણી ભરાયા છે. જેના કારણે ૩૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

હવામાન ખાતની આગાહી પ્રમાણે, ૧૧ જુલાઈએ નવસારી તથા વલસાડમાં ૮-૮ ઈંચથી વધુ વરસાદ વરસી શકે છે. તો સુરત, તાપી, ડાંગ, જૂનાગઢ, ગીર સોમનાથમાં ૪થી ૮ ઈંચ સુધી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ૧૧ જુલાઈએ નવસારી, વલસાડ અને ડાંગ તથા જૂનાગઢમાં ૮ ઈંચથી વધુ વરસાદની સંભાવના જાહેર કરવામાં આવી છે. જ્યારે ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપીમાં ૪થી લઈ ૮ ઈંચ વરસાદ વરસી શકે છે. ૧૨ જુલાઈએ જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, નવસારી અને વલસાડમાં ૮ ઈંચથી વધુ વરસાદની સંભાવના છે. પોરબંદર, રાજકોટ, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી અને ડાંગમાં ૪થી લઈને ૮ ઈંચ સુધી વરસાદની સંભાવના છે.

## અમરનાથ યાત્રા દરમિયાન અકસ્માત બાદ પણ યાત્રિકોના ઉત્સાહ ઘટ્યો આવ્યો નથી



શ્રીનગર,

અમરનાથ ગુફા પાસે થયેલા અકસ્માત બાદ જમ્મુ-કાશ્મીર પ્રશાસન મુસાફરોની સુરક્ષાને લઈને સતર્ક છે અને દરેક યાત્રીની સંપૂર્ણ તપાસ કર્યા બાદ જ તેમને યાત્રા પર જવાની મંજૂરી આપવામાં આવી રહી છે. ત્યારે આ અકસ્માત છતાં મુસાફરોનો ઉત્સાહ ઉંચો છે. જમ્મુમાં અમરનાથ યાત્રીઓના બેઝ કેમ્પ અમરનાથ યાત્રી નિવાસની બહાર, તે મુસાફરોની પણ છે જેઓ રવિવારે અહીંથી શ્રીનગર માટે રવાના થઈ શકે છે. આ મુસાફરો ખૂબ જ ઉત્સાહિત છે અને વહીવટીતંત્ર પણ આ મુસાફરોની સુરક્ષા અને સુવિધામાં કોઈ કસર છોડી રહ્યું નથી. જમ્મુ પહોંચતા આ મુસાફરોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે અને એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે જે મુસાફરોની પાસે રજીસ્ટ્રેશન સ્લિપ અને આરએફઆઈડી ટેગ છે તેમને જ મુસાફરી પર આગળ વધવાની મંજૂરી આપવામાં આવે જેથી તેઓને કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મદદ કરી શકાય.

આ એવા યાત્રીઓ છે જે બાબા અમરનાથના દર્શન કરવા દેશભરમાંથી જમ્મુ પહોંચ્યા છે. યાત્રીઓમાં આ યાત્રાને લઈને જે ઉત્સાહ છે તે તસવીરો જ કહી રહી છે. જમ્મુ પહોંચતા પહેલા જ આ તમામ મુસાફરોને અમરનાથ ગુફા પાસે વાદળ ફાટવાના સમાચાર મળ્યા હતા, પરંતુ તેમ છતાં આ પ્રવાસીઓનું કહેવું છે કે તેઓ કોઈપણ સંજોગોમાં આ યાત્રા કરીને બચી જશે. આ લોકોનું કહેવું છે કે આ એક કુદરતી આફત છે અને તેનો સામનો કરવા માટે પ્રશાસને જમ્મુ-કાશ્મીરમાં તમામ વ્યવસ્થા કરી છે અને તેઓ કોઈથી ડરતા નથી.

જમ્મુમાં બેઝ કેમ્પની આસપાસ ઘણા લંગર છે અને આ લંગરવાળાઓ એવો પણ દાવો કરે છે કે તેઓ મુસાફરોને તમામ શક્ય સેવા અને મદદ આપવા તૈયાર છે. આ લંગર લોકો દાવો કરે છે કે તેઓ મુસાફરોના ખાવા-પીવાની કાળજી લેવા સક્ષમ છે, પછી ભલે તેઓ અહીં જમ્મુમાં આવવા માંગતા હોય અથવા પ્રવાસ રોકવા માંગતા હોય. આ લંગર લોકોનો દાવો છે કે આ ઘટના પછી પણ મુસાફરોના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. રવિવારે જમ્મુથી યાત્રા જશે કે નહીં તે અંગે નિર્ણય લેવામાં આવ્યો નથી અને જમ્મુમાં હવામાન હજુ પણ ખરાબ છે.

બીજી તરફ, બે બેઝ કેમ્પમાંથી લગભગ ૬૦૦૦ શ્રદ્ધાળુઓની બે બેચ શનિવારે અમરનાથ ગુફાની મુલાકાત માટે રવાના થઈ ગઈ છે. આ પહેલા અમરનાથ ગુફા પાસે વાદળ ફાટવાના કારણે ૧૬ લોકોના મોત થયા હતા, જેના કારણે યાત્રા રોકી દેવામાં આવી હતી. આ વર્ષે અમરનાથ યાત્રા ૪૩ દિવસ ચાલશે. ૩૦મી જૂને બાબા અમરનાથ ધામની યાત્રા બે માર્ગે કાઢવામાં આવી હતી. પહેલા રૂટનું અંતર ૪૮ કિમી છે અને બીજા રૂટનું અંતર માત્ર ૧૪ કિમી છે.

## હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગે લગભગ એક અઠવાડિયાના બ્રેક બાદ દિલ્હીમાં આજે મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. શનિવાર સવારથી દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. જો કે, હિમાચલ પ્રદેશ, પંજાબ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં ગાજવીજ સાથે વરસાદ હોવા છત્તાં દિલ્હીમાં ક્યાંય પણ ટ્રેસ વરસાદ થયો નથી.

તમને જણાવી દઈએ કે, તેલંગાણાની અનેક જગ્યાઓ પર શુક્રવારે ભારે વરસાદ થયો. ભારતીય હવામાન વિભાગે આગામી ૨ દિવસ માટે રાજ્યના આઠ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આઠ જિલ્લા જયશંકર ભૂપાલપલ્લી, મુલુગુ, મંચેરિયલ, ભદ્રાદ્રી કોઠાગુડેમ, નિઝામાબાદ, નિર્મલ, આદિલાબાદ અને રાજધાની હૈદરાબાદમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ત્યારે ઉત્તરાખંડમાં ભારે વરસાદનો કહેર જોવા મળી રહ્યો છે. વરસાદના કારણે જગ્યા-જગ્યાએ લેન્ડસ્લાઈડની ઘટનાઓ સામે આવી છે. ભારે વરસાદમાં કોઈ દુર્ઘટનાની આશંકાને ધ્યાનમાં રાખી કેદારનાથ યાત્રાને રોકવામાં આવી છે. રુદ્રપ્રયાગ તંત્રના આદેશ પર તીર્થયાત્રીઓને સોનપ્રયાગમાં રોકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તરાખંડમાં વરસાદે લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. અહીં નદી-નાળા ઉભરાઈ રહ્યા છે. અનેક વિસ્તારોમાં વરસાદના કારણે ગંભીર અકસ્માતો પણ સર્જાયા છે.

ઉલ્લેખનીય છે કે, કર્ણાટકમાં શનિવારના ભારે વરસાદ ખાબક્યો હતો. જેના કારણે લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. દરિયાકાંઠાના અને પર્વતીય વિસ્તારો સાથે સાથે ઉત્તરી કર્ણાટકના જિલ્લામાં પણ ભારે વરસાદનો કહેર જોવા મળી રહ્યો છે.

તમને જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં અનેક જગ્યાઓ પર ખરાબ વાતાવરણ અને વરસાદનો કહેર જોવા મળી રહ્યો છે. ભારે વરસાદથી આસના નદીમાં પૂર આવતા હિંગોલી જિલ્લાના બે ગામના લોકોને સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. ત્યારે અમરાવતીમાં વીજળી પડવાથી ખેતરમાં કામ કરતા બે મજૂરોના મોત થયા છે. આ ઉપરાંત ઠાણેના ભિવંડી તાલુકામાં ૨ અલગ-અલગ ઘટનામાં પૂર આવવાથી બે વ્યક્તિ તણાયા છે.

ગુજરાતમાં ચારેબાજુ મેઘમહેર થઈ રહી છે. ત્યારે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગે નવસારી, વલસાડમાં રેડ અલર્ટ તો સુરત, તાપી, ડાંગ, જૂનાગઢ અને ગીર સોમનાથમાં ઓરેન્જ અલર્ટ આપ્યું છે. આ સાથે જ ગુજરાતમાં હજુ પણ ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

## દેશભરમાં ઈદની ધામધૂમથી ઉજવણી કરાઈ, બીએસએફએ પાકિસ્તાની સેનાને મીઠાઈ આપી, વડાપ્રધાન મોદીએ શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,

મુસ્લિમોના મુખ્ય તહેવાર ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ)ની સમગ્ર દેશમાં મુસ્લિમ સમુદાય દ્વારા ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી સવારે મુસ્લિમ સમુદાયે ઈદની નમાજ પઢી હતી અને એક બીજાને ઈદની શુભેચ્છા પાઠવી હતી દેશના પાટનગર દિલ્હી,ઉત્તરપ્રદેશ,રાજસ્થાન જમ્મુ કાશ્મીરમાં વિવિધ મસ્જિદોમાં ઈદની નમાજ પઢવામાં આવી હતી દરમિયાન ઈદના શુભ અવસર પર જોઈન્ટ ચેકપોસ્ટ અટારી બોર્ડર પરથી બીએસએફ ના જવાનો દ્વારા પાકિસ્તાન આર્મીને મીઠાઈ આપીને કરવામાં આવી હતી.તો બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ મુસ્લિમ સમુદાયને શુભેચ્છા પાઠવી છે.

પીએમ મોદીએ દેશના લોકોને ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ)ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ ટ્વિટર પર ટ્વિટ કરીને લખ્યું કે, ઈદ મુબારક, ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ)ની હાર્દિક શુભેચ્છાઓ. આ તહેવાર આપણને સૌની સુખાકારીની ભાવનાને મજબૂત કરવા અને સમૃદ્ધિ લાવવા માટે સાથે મળીને કામ કરવાની પ્રેરણા આપે. દરમિયાન, તેમણે લખ્યું કે, આ તહેવાર બધાની સુખાકારીની લાગણીને મજબૂત કરવાનો તહેવાર છે. આપણી ઈચ્છા છે કે આપણે બધાને સાથે જોડીને દેશના વિકાસની પ્રેરણા મેળવીએ અને સાથે મળીને દેશમાં સુખ અને સમૃદ્ધિનું વાતાવરણ સર્જીએ.

બીજી તરફ પાકિસ્તાનની અટારી બોર્ડર પર બીએસએફ કમાન્ડન્ટ જસબીર સિંહે કહ્યું કે, અમારી પરંપરા મ્જીહ્વ અને પાકિસ્તાન રેન્જર્સ વચ્ચે વધુ સારા તાલમેલમાં મદદરૂપ સાબિત થાય છે. આ આપણી પરંપરાઓ, સદ્ભાવના નીતિ અને શાંતિ પહેલનું પણ પ્રતિબિંબ પાડે છે. જૂની પરંપરા મુજબ અમે ઈદના અવસર પર પાકિસ્તાની સેનાને મીઠાઈ આપી છે.

## દેશમાં ૨૪ કલાકમાં ૧૮,૨૫૭ નવા કોરોનાના કેસ

નવીદિલ્હી,

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૧૮,૨૫૭ નવા કેસ સામે આવ્યા છે અને ૪૨ લોકોના મોત થયા છે. દેશમાં કોરોનાના સક્રિય કેસો હાલના સમયે ૧,૨૮,૬૯૦ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના તાજા અપડેટ પ્રમાણે કોરોનાની દૈનિક સકારાત્મકતા દર ૪.૨૨ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૪,૫૫૩ દર્દીઓ સ્વસ્થ થયા છે.

કોરોનાના નવા કેસ થોડા દિવસોની સરખામણીમાં થોડા ઓછા છે. આ પહેલા શનિવારે કોવિડ-૧૯ના ૧૮,૮૪૦ કેસ સામે આવ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મચે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી કુલ ૪૨ મોત થયા છે. આ સાથે આધિકારિક રીતે કોરોનાથી મરનાર લોકોની સંખ્યા ૫,૨૫,૪૨૮ પર પહોંચી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના તાજા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૫૩ લોકો કોરોનાથી સ્વસ્થ થયા છે. રિકવરી રેટ ૯૮.૫૦ ટકા છે.

## ઔરંગાબાદમાં વિજળીનો જોરદાર આંચકો લાગતા ૪ના મોત



મુંબઈ,

ઔરંગાબાદ જિલ્લાના કન્નડ તાલુકામાં હિવરખેડા-નાંદગીરવાડીમાં વિદ્યુત વાયરોના ડીપીમાં જોડાણ દરમિયાન વીજળીનો જોરદાર આંચકો લાગતા નાવડી વિસ્તારના ચાર તરુણ મજૂરના મોત થયા હતા, જ્યારે એક જણ ગંભીર ઈજા પામ્યો હતો. નવા ઈલેક્ટ્રિફિકેશનનું કામ મહાવિતરણ તરફથી એક ખાનગી કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યું હતું અને આ લોકો તેના માટે કામ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટના આજે બપોરે અઢી વાગ્યે બની હતી.

આ સંદર્ભે વધુ વિગતાનુસાર હિવરખેડ-નાંદગીર વિસ્તારમાં નવો વિદ્યુત પ્રવાહ પૂરો પાડવા માટે જરૂરી ડીપી-પોલ પર વિજતાર ખેંચવાનું કામ ચાલી રહ્યું હતું. મહાવિતરણ આ કામ ખાનગી કોન્ટ્રાક્ટરને આપ્યું હોવાથી નાવડી વિસ્તારના ચાર તરુણો ગણેશ થૈટ (૩૫) ભસી વમકડ (૩૫) જગદીશ મુચુંડે અને અર્જુન મગર (૨૬) પોલ પર વિજતાર ખેંચવા સહિતના કામમાં વ્યસ્ત હતા ત્યારે અચાનક વિજ-પ્રવાહ શરૂ થતા આ ચારેયને જોરદાર ઈલેક્ટ્રિક શોક લાગ્યો તો જેમાં આ ચારેયના ઘટના સ્થળે જ મોત થયા હતા. એવું કહેવાય છે કે આ વિસ્તારમાં એક વ્યક્તિએ ખેંચેલા જીવંત વાયરના સંપર્કમાં અન્ય કેબલ આવી જવાથી આ લોકોને જોરદાર આંચકો લાગ્યો હતો.

આ ઘટના બાદ મૃતકના સંબંધીઓ, મહાવિતરણના ઉચ્ચાધિકારીઓ, પોલીસ અને સ્થાનિક પ્રશાસનના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. ત્યાર બાદ મજૂરના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી ખરેખર કયા કારણસર આ દુર્ઘટના થઈ હતી તેની તપાસ આદરી હતી.

## શ્રીલંકાની મદદ કરતાં રહ્યા છીએ અને આગળ પણ કરીશું: વિદેશ પ્રધાન એસ. જયશંકર

તરુવનંતપુરમ,

ભારતના પાડોશી દેશ શ્રીલંકામાં આર્થિક અને રાજકીય કટોકટી પર કેન્દ્રીય વિદેશ પ્રધાન એસ. જયશંકરની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે રવિવારે સવારે જણાવ્યું હતું કે ભારત સરકાર હંમેશા શ્રીલંકાનું સમર્થન કરે છે અને અને તેને બનતી મદદ કરવાની કોશિશ કરી રહી છે. કોઈ પણ શરણાર્થી સંકટ નથી. શ્રીલંકન સરકાર પોતાની સમસ્યાઓનું સમાધાન કરવાની કોશિશ કરી રહી છે તેથી આપણે રાહ જોવી પડશે કે તેઓ નજીકના ભાવિષ્યમાં શું કરે છે. ભારત હંમેશા શ્રીલંકાની મદદ કરવા તત્પર છે.તેમણે આ નિવેદન કેરળના તિરુવનંતપુરમમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન આપ્યું હતું. કેરળ આવવાના કારણ વિશે પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે, અહીં આવવાના ઘણા કારણો હતાં. પોતાની પાર્ટીના સહયોગીઓ સાથે સમય વિતાવવા માગતો હતો અને તેઓ કેવી રીતે કામ કરી રહ્યા છે અને શું થઈ રહ્યું છે તે સમજવા માગતો હતો.

## સંસદના ચોમાસુ સત્ર પહેલા કોંગ્રેસને જોરદાર ઝટકો લાગવાની શકયતા : ૩ વર્તમાન લોકસભા સભ્યો અને ૩ પૂર્વ રાજયસભા સભ્યો તૃણમુલ કોંગ્રેસના સંપર્કમાં

નવીદિલ્હી,

સંસદનું ચોમાસુ સત્ર શરૂ થાય તે પહેલા કોંગ્રેસને મોટો ફટકો પડવાની શકયતા છે. ૬ સાંસદો ટીએમસીમાં જોડાઈ તેવી સંભાવનાથી રાજકારણ ગરમાયુંછે. કહેવામાં આવી રહ્યું છે કે આ બધા જલ્દી જ મમતા બેનર્જીની પાર્ટીમાં સામેલ થઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું કે તેઓ છેલ્લા કેટલાક સમયથી ટીએમસી નેતૃત્વના સંપર્કમાં છે. જોકે, પાર્ટીએ આ મામલે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ટીએમસી આ તક ગુમાવવાનું પસંદ કરશે નહીં. ટૂંક સમયમાં આ તમામને પાર્ટીમાં સામેલ કરવામાં આવશે.

ટીએમસીના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં સત્તાધારી પક્ષને વિશ્વાસ છે કે કેટલાક વિપક્ષી ધારાસભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણી માટે યશવંત સિંહાની તરફેણમાં મતદાન કરશે અને તેમને (સિન્હા) ૨૯૪-સભ્યોની રાજ્ય વિધાનસભાના ૨૨૦ થી વધુ ધારાસભ્યોનું સમર્થન મેળવશે. સૂત્રોએ જણાવ્યું કે પાર્ટીને આશા છે કે રાજ્યના કેટલાક વિપક્ષી સાંસદો પણ સિંહાની તરફેણમાં મતદાન કરી શકે છે.

મમતા બેનર્જીના નજીકના પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળની બહાર પાર્ટીનો વિસ્તાર કરવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ માટે, ટીએમસીએ મેઘાલયના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને તાજેતરના સભ્યો મુકુલ સંગમા, ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા કીર્તિ આઝાદ અને બાબુલ સુપ્રિયોને પ્રવક્તા તરીકે નિયુક્ત કર્યા છે.

તૃણમૂલ કોંગ્રેસના મુખપત્ર 'જાગો બાંગ્લા'ના ફ્રન્ટ પેજમાં અગ્નિપથ યોજનાને જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શિન્ઝો અબીની હત્યા સાથે જોડવામાં આવી છે. લેખમાં કહેવામાં આવ્યું છે કે શિન્ઝો આબેની હત્યાથી ભારતની અગ્નિપથ યોજના સામે પ્રતિકાર મજબૂત થશે કારણ કે આબેની હત્યા કરનાર વ્યક્તિએ પેન્શન વિના સૈન્યમાં સેવા આપી હતી.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લાની મહાકાલ સેનાને વર્ષ પુરૂ થતાં લુણાવાડા ખાતે મીટીંગ યોજાઈ

મલેકપુર મહાકાલ સેના મહીસાગરની રચનાના એક વર્ષ પૂરૂ થયું તે ઉમંગમાં મહાકાલ સેના મહીસાગર તથા લુણાવાડા તાલુકા ટીમ દ્વારા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહાકાલ સેના ગુજરાત રાજ્ય, મહાકાલ સેના મહીસાગર તેમજ લુણાવાડા તાલુકા ટીમના હોદ્દેદારો હાજર રહ્યા.

મિટિંગની શરૂઆતમાં સૌથી પહેલા ડો.મુકેશ ભગત જે થોડા સમય પેહલા હૃદય હુમલામાં અવસાન પામ્યા તેમની આત્માની શાંતિ માટે બે મિનટ મૌન રાખીને શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ મહિસાગર જિલ્લાની અંદરથી મહાકાલ સેના ગુજરાત રાજ્યની અંદર સ્થાન મેળવનાર સોલંકી જશપાલસિંહ જેમને મહાકાલ સેના ગુજરાતમાં મહામંત્રી તેમજ ચૌહાણ કુલદીપસિંહને મહાકાલ સેના ગુજરાતની મંત્રી તરીકે ની મહત્વની જવાબદારી સોંપવામાં આવી તેમનું પણ સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ મહીસાગર તેમજ અલગ અલગ તાલુકાઓ અને જિલ્લામાં મહાકાલ સેના મહીસાગર દ્વારા વર્ષ દરમિયાન જે પણ કાર્ય કરવામાં આવ્યા તેની કાર્ય સૂચિ જાહેર કરવામાં આવી.આજની મિટિંગમાં પધારેલ દરેક પદાધિકારીઓના પોતાના પદ પ્રત્યે તેમ જ સમાજ પ્રત્યેની જે પણ લાગણી જણાવી તે જાણીને ખૂબ આનંદ થયોઅને ભવિષ્યમાં આગળ કઈ રીતે કાર્ય કરવું તેના વિવિધ ચર્ચા કરવામાં આવી.

આવોજ ઉત્સાહ અને લાગણી સમાજ માટે આવતા વર્ષો માં પણ રહે અને સંગઠનની સાથે રહીને સમાજ માટે ઘણું બધું સાથે મળીને કરીશું એવી આશા સહ...

## સંતરામપુરમાં બકરી ઈદની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી



સંતરામપુર, સંતરામપુર નગરમાં શાંતિપૂર્ણ માહોલમાં બકરી ઈદ મનાવવામાં આવી જુમ્મા મસ્જિદમાં ઈદૂલ અજહની નમાજ અદા કરવામાં આવી. મહિસાગર જિલ્લા પોલીસના વડાના સૂચના અને માર્ગદર્શન હેઠળ નગરના દરેક વિસ્તારોમાં લોખંડી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલો હતો. જુમ્મા મસ્જિદ પાસે બસ સ્ટેન્ડ ચાર રસ્તા નગરના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવેલું હતું. સમસ્ત મુસ્લિમ બિરાદરોહી શાંતિપૂર્વક માહોલમાં ઈદની ઉજવણી કરી હતી. સરકારના નીતિ નિયમ મુજબ કાયદો અને વ્યવસ્થા જણાવવા માટે અમલ કરવામાં આવેલો હતો. નગરપાલિકાના સહયોગથી વિવિધ વિસ્તારોમાં કન્ટેનર મૂકીને સ્વચ્છતા પણ નગરમાં જાળવવામાં આવેલી હતી.

# સંતરામપુરના નાની ભુગેડી ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો શુભારંભ



સંતરામપુર, આજ તા.૧૦/૦૭/૨૦૨૨ રવિવાર નાં રોજ સંતરામપુર વિધાનસભાના સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગામે સવારે ૧૦.૩૦ કલાકે ‘‘વંદે ગુજરાત વિકાસ યાત્રા’’ ના માધ્યમથી છેલ્લા ૨૦ વર્ષ થી થયેલ વિકાસના કામો અને યોજનાઓ લોકો સુધી પહોચાડવા અંગેના શુભારંભના કાર્યક્રમમાં રા.ક. મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો) ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સરકારની તમામ વિવિધ પ્રકારની યોજનાઓના વિકાસની જાણકારી આપી અને લાભ મળવા પાત્ર તમામ લાભાર્થીને લાભ મળે તે અત્યંત જરૂરી છે અને આ લાભોની વિગતવાર વિસ્તૃત માર્ગદર્શન જાણકારી આપી.આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહીસાગર જિલ્લાના બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ કટારા તથા એસ.ટી. મોરચાના પ્રદેશ ઉપાદયક્ષ રમેશભાઈ ભાભોર તથા સંતરામપુર તાલુકાના ન્યાય સમિતિના ચેરમેન હરીશભાઈ વાળવાઈ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ તથા ગામના સરપંચ વીણાબેન વિનોદભાઈ, યુવા નેતા સચીનભાઈ શાહ, શક્તિકેન્દ્ર પ્રમુખ મોહનભાઈ માલીવાડ સહીત મહાનુભવો, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ દ્વારા ૭૩ ગામ લુણાવાડા પરગણા વણકર સમાજની બંધારણ પુસ્તિકાનું વિમોચન અને તેજસ્વી તારલા સમારંભ કરવામાં આવ્યો



લુણાવાડા, લુણાવાડા ખાતે તા.૦૯/૦૭ ના રોજ અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ દ્વારા ૭૩ ગામ લુણાવાડા પરગણાની બંધારણ પુસ્તિકાનું વિમોચન મહાસંઘના અદયક્ષ અનિલભાઈ ચક્રવર્તી, મુખ્ય મહેમાન સેવાભાવી એડવોકેટ પ્રકાશભાઈ ધારવા, અતિથી વિશેષ અને બીજેપી જીલ્લા ઉપાધ્યક્ષ જેઠાભાઇ વણકર, પ. પૂ. રાધાસ્વામી બાપૂ (પ્રણામી સંપ્રદાય) અને કોંગ્રેસ તાલુકા સદસ્ય પરાગભાઇ વણકરના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતું. તેમજ તેજસ્વી તારલા, કોરોના વોરિયર્સ, નિવૃત્ત કર્મચારી, નવનિયુકત કર્મચારી અને સમાજસેવી વડીલોનો સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, તેમજ મહાસંઘના સક્રિય હોદ્દેદારોના આકસ્મિક અવસાન બદલ સ્વ. દેવાભાઇ વણકર અને સ્વ. હર્ષદભાઈ વણકર માટે બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ આપી હતી.

આ સમારંભમાં મહાનુભાવો અને અતિથી વિશેષમાં ૭૩ ગામના પ્રમુખ ડો. શૈલેષભાઈ દેસાઈ, ડો. મનીષભાઈ દેસાઈ, ડો. એન. ડી. પરમાર, ડો. પ્રદીપભાઈ દેસાઈ, ઉત્કશભાઈ શર્મા, કે. ડી. વણકર, વાલજીભાઈ પરમાર, પૂનમચંદભાઈ પરમાર, ભોજનદાતા પૂજાભાઈ પરમાર, કાળુભાઈ માસ્ટર, કાંતિભાઈ દેવાભાઇ વણકર વગરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની સફળતા બનાવવા માટે મહીસાગર જીલ્લા પ્રમુખ દીનેશભાઈ પરમાર, રાષ્ટ્રીય મહિલા ઉપાદયક્ષ રતનબેન વણકર, મંગુબેન વણકર, તાલુકા પ્રમુખ પ્રદીપભાઈ પરમાર, નિવૃત મામલતદાર ધનજીભાઈ, વકતા અને એનાઉન્સર એલ.કે.વણકર, ગીતાબેન વણકર, મંગીબેન વણકર તાલુકા, પ્રમુખ લુણાવાડા જેઠાભાઈ તલાટી, પ્રેમચંદભાઈ, કાંતિલાલ પ્રમુખ કડાણા, મહાસચિવ કડાણા જયેશભાઈ અને નામી અનામી લોકો અને દાતાઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### પાર્ટી છોડી છે, વફાદારી નહીં

# અમે ભલે અમારુ જૂથ બનાવી લીધું હોય, પણ ઠાકરે પરિવાર માટે આજે પણ અમારા મનમાં આદર સન્માન છે

મુંબઇ, મહારાષ્ટ્રમાં ભલે ઉદ્ધવ ઠાકરેની સરકાર પડી ગઈ હોય, અને શિંદે જૂથ ખુરશી પર બિરાજમાન થયું હોય, ભલે એકનાથ શિંદે સહિત ૪૦ ધારાસભ્યોએ બળવો કર્યો હોય, પણ આજેય બળવાખોર જૂથના ધારાસભ્યોના દિલમાં ઉદ્ધવ ઠાકરે પ્રત્યે આદર અને માનસન્માન એટલું જ છે, જેટલું પહેલાથી કરતા આવ્યા છે. તેનું ઉદાહરણ શુક્રવારે જોવા મળ્યું હતું. જ્યારે બળવાખોર જૂથના ધારાસભ્ય દીપક કેસરકર અને સંજય રાઠોડે ભાજપના નેતા કિરીટ સોમૈયા પર બરાબરના પ્રહારો કર્યા હતા. બંને નેતાઓનું કહેવુ હતુ કે, અમને સરકારની કોઈ ચિંતા નથી, પણ ઠાકરે પરિવાર પર વ્યક્તિ પ્રહાર સાંખી લેવામાં આવશે નહીં. અમે ભલે અમારુ જૂથ બનાવી લીધું હોય, પણ ઠાકરે પરિવાર માટે આજે પણ અમારા મનમાં આદર સન્માન છે. હકીકતમાં જોઈએ તો, કિરીટ સોમૈયાએ એકનાથ શિંદેના બહાને ઉદ્ધવ ઠાકરે પર પ્રહારો કર્યા હતા.

મહારાષ્ટ્ર ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ એક ટ્વિટ કરીને પ્રહાર કર્યો હતો. તેમણે આ ટ્વિટ એકનાથ શિંદે સાથે મુલાકાત કર્યા બાદ કર્યું હતું. આ ટ્વિટમાં તેમણે લખ્યું હતુ કે, રિક્ષાવાળા સીએમ એકનાથ શિંદે સાથે આજે મંત્રાલયમાં મુલાકાત કરી અને તેમને શુભકામનાઓ આપી. માફિયા સીએમ (ઉદ્ધવ ઠાકરે ) ને બદલવા માટે તેમનો આભાર.

કિરીટ સોમૈયાના ટ્વિટ બાદ બળવાખોર જૂથના નેતા દીપક કેસરકરે ભાજપના નેતાનો ઉધડો લઈ લીધો હતો. તેમણે કહ્યું કે, અમે સોમૈયા દ્વારા ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ ઉપયોગમાં લેવાયેલા શબ્દો સાથે કોઈ પણ સંજોગોમાં સહમત નથી. તેમને આવા શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ નહીં. કેસરકરે કહ્યું કે, તેમને આ પ્રકારની ટિપ્પણી કરવાની જરૂર નથી. તેમણે એવુંપણ કહ્યુંકે, મેં પહેલા જ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ ટિપ્પણી નહીં કરવાનો અનુરોધ કર્યો છે.

બુલઢાણાથી ધારાસભ્ય સંજય ગાયકવાડે આ અગાઉ કિરીટ સોમૈયા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સોમૈયાને ચેતવણી આપી હતી કે, તે ઠાકરે પરિવાર વિરુદ્ધ કોઈ પણ પ્રકારની ટિકા સહન નહીં કરીએ. તેમણે કહ્યુંકે, સોમૈયા જો ઠાકરે પરિવાર વિરુદ્ધ આવી જ રીતે નિવેદનો આપતા રહેશે, તો અમે સરકારની ચિંતા કરીશું નહીં. ગાયકવાડે કહ્યું કે, સોમૈયા એવું જરાં પણ ન વિચારે કે, ધારાસભ્યો શિવસેનાથી અલગ થઈ ગયા છે તો અમે બાલાસાહેબ ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે પ્રત્યેની વફાદારી છોડી દીધી છે.

શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે માતોશ્રીમાં મીડિયા કર્મી સાથે મુલાકાત દરમિયાન એકનાથ શિંદે સહિત બળવાખોર જૂથના ધારાસભ્યો પર પ્રહાર કરતા કહ્યું કે, તમે એવા લોકોની સાથે છો, જેણે મારા દિકરા આદિત્ય ઠાકરેને જેલમાં નાખવા અને તેનું રાજકીય કરિયર ખતમ કરવાનો પુરો પ્લાન તૈયાર કર્યો હતો. તેમણે કહ્યું કે, જો બળવાખોર ધારાસભ્યો ભાજપ સાથે ખુશ છે તો તેઓ ત્યાં જ રહે, પણ મારી પાર્ટીના કાર્યકર્તાના આંસૂ મારા માટે વધારે મહત્વના છે

# રોહિણી જેલના ૮૨ અધિકારીઓ સામે એફઆઈઆર, મહાઠગ સુકેશ પાસેથી દર મહિને લેતા ૧.૫ કરોડ રૂપિયા

નવીદિલ્હી કરોડો રૂપિયાના મની લોન્ડ્રિંગ કેસમાં ફસાયેલા અને બોલિવુડ અભિનેત્રી જૈકલીન ફર્નાંડિસના કથિત બોયફ્રેન્ડ સુકેશ ચંદ્રશેખર સાથે સંલગ્ન વધુ એક કાંડ સામે આવ્યો છે. દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખાએ રોહિણી જેલના ૮૨ અધિકારીઓ-કર્મચારીઓ સામે એફઆઈઆર દાખલ કરી છે. જેલ સ્ટાફ પર આરોપ છે કે, તેઓ દર મહિને સુકેશ ચંદ્રશેખર પાસેથી આશરે ૧.૫ કરોડ રૂપિયા લાંચ પેટે ઉઘરાવતા હતા.

ગત ૧૫ જૂનના રોજ આ મામલે એફઆઈઆર દાખલ થઈ હતી. આરોપ પ્રમાણે સુકેશ અલગથી બેરેક ઉપલબ્ધ કરાવી આપવા માટે તથા જેલમાં મોબાઈલ ફોનના ઉપયોગ સહિતની અન્ય સુવિધાઓ પૂરી પાડવા માટે જેલના અધિકારીઓને તે રકમ ચુકવતો હતો.

ફોર્ટિસ હેલ્થકેરના પૂર્વ પ્રમોટર શિવિંદર મોહન સિંહની પત્ની અદિતિ સિંહ સહિતના કેટલાક ધનવાન લોકો સાથે છેતરપિંડી કરવા મામલે આરોપી સુકેશ ચંદ્રશેખર રોહિણીની જેલ નંબર ૧૦માં વોર્ડ નંબર ૩ની ૨૦૪મી બેરેકમાં બંધ હતો. તે દરમિયાન તેને કોઈને કોઈ કારણોસર મદદ કરવાના આરોપસર ૭ જેલ કર્મચારીઓની અગાઉ ધરપકડ થઈ ચુકી છે.

અગાઉ સુકેશે તિહાડ જેલમાં રહીને ૨૦૦ કરોડ રૂપિયાની ઠગાઈને અંજામ આપ્યો હતો. તેણે જેલમાં રહીને જ ગૃહ મંત્રાલયના અધિકારી તરીકેની ઓળખ આપીને છેતરપિંડી કરી હતી. તેણે અવાજ બદલીને લોકોને શિકાર બનાવ્યા હતા. એવો આરોપ છે કે, સુકેશે જેલના અધિકારીઓને લાખો રૂપિયાની લાંચ આપીને મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યો હતો. તપાસ બાદ જેલના અનેક અધિકારીઓની ધરપકડ થઈ હતી.

# ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાના મિશનમાં સુરતની સફળતા દેશ માટે ઉદાહરણરૂપ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી, સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે આજે ’પ્રાકૃતિક કૃષિ સંમેલન’નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત સહિત સીઆર પાટીલ,ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી મુકેશ પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી દર્શના જરદોષ પણ ઉપસ્થિત રહ્યાં છે. આ કાર્યક્રમમાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વર્ચ્યુઅલી જોડાયા હતાં

મહત્વનું છે કે, રાજ્યમાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધે તે માટે આ કાર્યક્રમ યોજાયો છે. જેમા મોદીએ વર્ચ્યુઅલી સંબોધન કરતા જણાવ્યું કે, ’ગુજરાતમાં થોડાંક મહિના પહેલાં જ નેચરલ ફાર્મિંગના વિષય પર નેશનલ કોક્લેવનું આયોજન થયું હતું. આ આયોજનમાં પૂરા દેશના ખેડૂતો જોડાયા હતા. પ્રાકૃતિક ખેતીને લઈને દેશમાં કેટલું મોટું અભિયાન ચાલી રહ્યું છે તેની ઝલક તેમાં જોવા મળી હતી. ત્યારે આજે એકવાર ફરી સુરતમાં આ મહત્વપૂર્ણ કાર્યક્રમ એ એ વાતનું પ્રતિક છે કે ગુજરાત કેવી રીતે દેશના અમૃત સંકલ્પોને ગતિ આપી રહ્યું છે. દરેક ગ્રામ પંચાયતમાં ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાના મિશનમાં સુરતની સફળતા પૂરા દેશ માટે એક ઉદાહરણ બનવા જઈ રહી છે. એની માટે હું સુરતના લોકોને વિશેષ અભિનંદન પાઠવું છું.’

વધુમાં જણાવ્યું કે, ’ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી આગળ વધી રહી છે. હું પ્રાકૃતિક ખેતી મિશનને ખૂબ નજીકથી જોઈ રહ્યો છું. પ્રાકૃતિક ખેતી આર્થિક સફળતાનું પણ એક માધ્યમ છે. હું પ્રાકૃતિક ખેતી સંમેલનના આ અવસર પર આ અભિયાન સાથે જોડાયેલ દરેક વ્યક્તિને, આપણા દરેક ખેડૂત સાથીઓને અનેક-અનેક શુભકામના પાઠવું છું. જે ખેડૂત સાથીઓ અને સરપંચ સાથીઓને આજે સન્માનિત કરવામાં આવ્યા તેમને પણ હું અભિનંદન પાઠવું છું.’

પીએમ મોદીએ કહ્યું, આપણું જીવન, આપણું સ્વાસ્થ્ય, આપણો સમાજ આપણી કૃષિ વ્યવસ્થાનો આધાર છે. કાર્યક્રમમાં તેમના સંબોધનમાં તેમણે કહ્યું કે, ભારત સ્વભાવ અને સંસ્કૃતિ દ્વારા કૃષિ આધારિત દેશ છે. તેથી, જેમ જેમ આપણો ખેડૂત આગળ વધશે, જેમ આપણી ખેતી પ્રગતિ કરશે અને સમૃદ્ધ થશે, તેમ આપણો દેશ પ્રગતિ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું, જ્યારે તમે કુદરતી ખેતી કરો છો, ત્યારે તમે પૃથ્વી માતાની સેવા કરો છો, જમીનની ગુણવત્તા, તેની ઉત્પાદકતાનું રક્ષણ કરો છો. જ્યારે તમે કુદરતી ખેતી કરો છો, ત્યારે તમે પ્રકૃતિ અને પર્યાવરણની સેવા કરો છો. જ્યારે તમે કુદરતી ખેતીમાં જોડાઓ છો, ત્યારે તમને ગૌમાતાની સેવા કરવાનો લહાવો પણ મળે છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ડિજિટલ ઈન્ડિયા મિશનની અસાધારણ સફળતા એ પણ દેશનો જવાબ છે જેઓ કહેતા હતા કે ગામમાં પરિવર્તન લાવવું સરળ નથી. આપણા ગામોએ બતાવ્યું છે કે ગામડાઓ માત્ર પરિવર્તન લાવી શકતા નથી, પણ પરિવર્તનનું નેતૃત્વ પણ કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવા પર દેશે આવા ઘણા લક્ષ?યો પર કામ કરવાનું શરૂ કર્યું છે, જે આવનારા સમયમાં મોટા ફેરફારોનો આધાર બનશે. અમૃતકાલમાં દેશની ગતિ-પ્રગતિનો આધાર દરેકના પ્રયાસની એ ભાવના છે, જે આપણી આ વિકાસ યાત્રાને આગળ ધપાવી રહી છે.

તેમણે કહ્યું કે, મા કાલીનો એ અસીમિત-અસીમ આશીર્વાદ હંમેશા ભારત સાથે છે. આજે ભારત આ આધ્યાત્મિક ઉર્જા સાથે વિશ્વ કલ્યાણની ભાવના સાથે આગળ વધી રહ્યું છે. આપણા ઋષિઓએ આપણને બતાવ્યું છે કે જ્યારે આપણા વિચારોમાં વ્યાપકતા હોય છે, ત્યારે આપણે આપણા પ્રયત્નોમાં ક્યારેય એકલા નથી હોતા! તમને ભારતની ધરતી પર આવા અનેક સંતોની જીવનયાત્રા જોવા મળશે જેમણે શૂન્ય સંસાધન સાથે શિખર જેવા સંકલ્પોને પૂરા કર્યા.

વડાપ્રધાન કાર્યાલયએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પરિષદ સુરત, ગુજરાતમાં આયોજિત કરવામાં આવી રહી છે અને તેમાં હજારો ખેડૂતો અને અન્ય તમામ હિતધારકો ભાગ લેશે, જેમણે સુરતમાં કુદરતી ખેતી અપનાવવામાં સફળતા મેળવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માર્ચમાં ગુજરાતમાં પંચાયતની બેઠકને સંબોધિત કરતી વખતે દરેક ગામમાં ઓછામાં ઓછા ૭૫ ખેડૂતોને કુદરતી ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ’કોરોનાની મહામારીમાં પણ ફ્રી વેક્સિનેશન, ફ્રી રાશનની વ્યવસ્થા કરાઈ. પ્રકૃતિ તરફ પાછા વળવાનો સમય આવ્યો છે. મોદીએ પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવાનું કહ્યું છે. અત્યારના રોગોમાંથી બહાર આવવું હોય તો તેનો ઈલાજ પ્રાકૃતિક ખેતી છે.’

## આપની આજ.......

*મેષ (અ,લ,ઈ) : આજે પ્રિયજનથી વિરહ રહેતા અકળામણ થાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે,સ્ત્રીઓ બાળકો માટે સારો દિવસ.*

*વૃષભ (બ,વ,ઉ) : નોકરી ધંધાના કાર્યોમાં અણધારી અડચણો ઉભી થાય આજનો દિવસ કુટુંબ સાથે આનંદમાં વિતે*

*મીથુન (ક,છ,ઘ) : નોકરી ધંધાના ક્ષેત્રના બગડેલા કાર્યો સુધરી શકે,તમારી વ્યક્તિગત ચિંતા દુર થાય સ્ત્રી બાળકો માટે સારો દિવસ.*

*કર્ક (ડ,હ) : માનસિક વ્યગ્રતામાં અટવાયેલા રહો તહેવારોમાં રોકાયેલી રકમ મળતા આનંદ અનુભવો સ્ત્રી બાળકો માટે ઉત્તમ દિવસ*

*સિંહ (મ,ટ) : અટવાયેલા કામો પુરા થાય નોકરીયાતો માટે સારો દિવસ વિતે બાળકો સ્ત્રીઓ માટે વ્યસ્ત દિવસ*

*કન્યા (પ,ઠ,ણ) : આગામી દિવસોમાં ધર્મસ્થળોના પ્રવાસનું આયોજન થાય ગુસ્સાથી બચવું,સ્ત્રીઓ માટે સતત કાર્ય રહે,*

*તુલા (ર,ત) : અર્થહીન દોડાદોડી થાય,પરેશાની ભર્યો દિવસ વિતે કાર્યો પુરા કરવામાં અડચણ આવે બાળકો માટે આનંદમય દિવસ*

*વૃશ્ચિક (ન,ય) : સરકારી કામમાં રાહત કોર્ટ કચેરીના કામમાં સફળતાની આશા જાગે સ્ત્રી બાળકોને પિકનિકની મજા મળે*

*ધન (ભ,ધ,ફ) : કૌટુંબિક કારણોસર મનમાં વ્યાપેલી નિરાશા દુર થાય,આર્થિક સમસ્યા હળવી બને સ્ત્રી બાળકો માટે આનંદમય દિવસ*

*મકર (ખ,જ) : વર્ષો જુની દુશ્મનીનો અંત આવતા તહેવારો આનંદમાં વિતે,આવક જાવક સરભર રહેતા દેવુ ન થાય.*

*કુંભ (ગ,શ,સ) : નોકરિયાતો ઉપર વધતો કાર્ય બોજ પરેશાન પેદા કરે જીવન સંગીનીના સ્થાસ્થ્યની કાળજી લેવી*

*મીન (દ,ચ,ઝ,થ) : દિવસ સતત વ્યસ્તતામાં વિતે વાહન અકસ્માતથી સંભાળવુ સ્ત્રી બાળકો માટે મધ્યમ દિવસ*

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલના જાંબુઘોડા તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો





પંચમહાલ જીલ્લામાં જાંબુઘોડા તાલુકામાં મોડી રાત્રી થી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જાંબુઘોડા તાલુકામાં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતા નદીઓ બે કાંઠે થઈ છે. નાળાઓ છલકાઈ જતાં અમુક વિસ્તારમાં રસ્તા ઉપર થી વાહનોની અવર જવર માટે બંધ કરવામાં આવ્યા. જ્યારે હાલોલ તાલુકામાં ૩ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો છે. જ્યારે અન્ય તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાવા પામ્યો છે.

## કુણ નદીમાં નવા નીર આવ્યા.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં સારો એવો વરસાદ થતા નદી અને કોતરમાં પાણીના નવા નીર આવ્યા હતા. જ્યારે ખાંડીયા ગામ પાસે પસાર થતી કુણ નદીના ઉપરવાસમાં સારો એવો વરસાદ થતાં નદીમાં નવા પાણીની આવક થવા સાથે નદી પરનો ચેક ડેમ ઓવરફ્લો થતાં સ્થાનિક ગ્રામજનોમાં પણ ખુશીની લહેર છવાઈ હતી. જ્યારે નદીમાં પાણીની આવક શરૂ હોવાથી માછીમારો માછલીઓ પકડતા જોવા મળી રહ્યા છે. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં સુકીભટ જોવા મળતી નદીઓમાં પણ પાણી વહેતું જોવા મળતા પશુઓને પીવા માટે પાણી મળતા પશુપાલકોને થોડી ગણી રાહત થવા પામી છે.

## ભાદર નહેર વિતરણના ૨૩ કામદારોને નોકરીમાંથી છૂટા કરી દેતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા મજુર અદાલત ગોધરાના હુકમમાં ફેરફાર કરી કામદારોને પુનઃ નોકરીમાં હાજર કરવા તથા લાભો આપવાનો આખરી આદેશ

ગોધરા,

ભાદર નહેર વિતરણ લુણાવાડા વિભાગમાં કોલવણ તથા તેની આજુબાજુના ગામડાઓમાં રહેતા ગરીબ અને આદિવાસી કામદાર ભાઈઓ વર્ષોથી ભાદર નહેર વિતરણ લુણાવાડા વિભાગમાં રોજમદાર તરીકેની ફરજમાં હાજર થયા હતા. લાંબા સમયની નોકરી હોવા છતાં સરકારે સિનિયોરિટીનું ધ્યાન દોર્યા સિવાય જે તે સમયના લાગતા વળગતા અધિકારીઓએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય તેમની કાયમી પ્રકારની નોકરી માંથી આઈડી એક્ટની કલમ ૨૫ એચ અને ૨૫ એફનો ભંગ કરી ૨૩ કામદારોને નોકરીમાંથી છૂટા કરી દેતા આ કામના અરજદારો એ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ સંપર્ક કરી તેમને થયેલા અન્યાય બાબતે નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત થવાનો કેસ દાખલ કરેલ જે કેસ ચાલી જતા મજૂર અદાલત ગોધરા દ્વારા ૨૩ કામદારોને તેમની નોકરી તેમજ પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક રૂપિયા ૮૫ હજાર આપવાનો આદેશ કરવામાં આવતા જે આદેશની નારાજ થઈ અરજદાર માના પના, રામા સુખા, પ્રતાપ કાળુ, અજમેલ ભુરા, ભાથી ગમા, છત્રા કાળુ, સોમા નવા, સોમા ભવન, રમેશ રણછોડ, સુરમલ સના, રણછોડ રત્ના, કોદરભુરા, પુના સરદાર, મગન ભુરા, શંકર દેતા, રામા અભુ, લાલા સના, ભૂરા કાળુ, સોમા ગમા, મગન લક્ષ્મણ, વજા સોમા, બાબુભાથી વગેરે એ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વ્યક્તિગત એસસીએ દાખલ કરે જે ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૧૩/૬/૨૨ ના રોજ પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતેની મજૂર અદાલત ના હુકમમાં ફેરફાર (મોડીફાઈ) કરી ૨૩ કામદારોને સળંગ નોકરી ગણી તેઓને સરકારના પરિપત્રના તારીખ ૧૭/૧૦/૮૮ ના લાભો આપવાનો આદેશ કરતા ગરીબ કામદારોના પરિવારમાં આનંદ ઉભરાયો તેમજ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના હોદ્દેદારોને આમ શ્રમયોગીઓ પરિવારો એ અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરેલ.

## હાલોલ તાલુકામાં બકરી ઈદની ઉજવણી કરાઈ

હાલોલ,

હાલોલ તાલુકા પંથક સહિત નગર ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા કુરબાનીના પાવન પર્વ ગણાતા ઈદુલ અઝહા એટલે કે બકરી ઈદની ઉજવણી આંનદ અને ઉત્સાહ પૂર્વક કોમી ભાઈચારાના વાતાવરણ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. જેમાં બકરી ઈદના તહેવારને અનુલક્ષીને રવિવારે વહેલી સવારથી નગર સહિત તાલુકાના તમામ મુસ્લિમ વિસ્તારોમાં બકરી ઈદનો અનેરો ઉત્સાહ અને ઉલ્લાસ મુસ્લિમ બિરાદરોમાં જોવા મળ્યો હતો. જેમાં રવિવારે વહેલી સવારે હાલોલ નગર ખાતે આવેલ તમામ મસ્જિદો સહિત તાલુકાના બાસ્કા શિવરાજપુર સહિતના ગામોમાં જ્યાં મસ્જિદો આવેલી છે. ત્યાં મુસ્લિમ બિરાદરોએ ઈસ્લામ ધર્મની માન્યતા મુજબ બકરી ઈદની વિશેષ નમાઝ અદા કરી કુરબાનીના પાવન પર્વ બકરી ઈદની ઉજવણીનો આરંભ કર્યો હતો. જેમાં બકરી ઈદના તહેવારને હર્ષોલ્લાસ સાથે ઉજવવા થનગની રહેલા મુસ્લીમ બિરાદરોએ નવા નવા વસ્ત્રોમાં પરિધાન થઈ સજ્જ દેખાતા હતા. જેમાં નાના ભુલકા માસુમ બાળકો પણ પણ બકરી ઈદની ખુશી મનાવવા માટે અવનવા વસ્ત્રોમાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા.જ્યારે બકરી ઈદના પાવન પ્રસંગે મુસ્લિમ બિરાદરોએ દ્વારા એકબીજાને ગળે ભેટીને ઈદ મુબારક હતા, તેમજ હાલોલ નગર સહિત તાલુકામાં ઠેરઠેર હિન્દુ મુસ્લિમ સમાજના લોકોએ તેમજ બન્ને કોમના મિત્રો ઓળખીતાઓ હિતેચ્છુઓ સહિત પંથકના રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓએ પણ એક બીજાને બકરી ઈદની શુભેચ્છાઓ પાઠવી મુબારકબાદી આપી હતી. તેમજ વહેલી સવારથી સોશ્યલ મીડિયાના તમામ માધ્યમો મારફતે પણ હિન્દુ–મુસ્લિમ સમાજના લોકોએ શુભેચ્છા સંદેશ સાથે કોમી એકતાની ભાવના સાથે એકબીજાને ઈદ મુબારક પાઠવી હતી. જ્યારે હાલોલ તાલુકા પંથક સહિત નગર ખાતે બકરી ઈદનો તહેવાર કોમી એકતા અને ભાઈચારાની ભાવના સાથે સંપૂર્ણપણે શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય અને કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો વ્યવસ્થા અને સુરક્ષા સલામતી શાંતિ જળવાયેલ રહે તેને લઈ હાલોલ તાલુકા સહીત નગરના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તાલુકા સહિત નગરમાં ઠેરઠેર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી.

## હાલોલ વિધાનસભા સંગઠનની મીટીંગ સર્કીટ હાઉસમાં યોજોઈ



હાલોલ,

હાલોલ વિધાનસભા સંગઠનમાં આગામી આયોજન માટે આ વીકમાં હાલોલ વિધાનસભા મતવિસ્તારના અલગ અલગ જગ્યાએ જન સંવાદ કાર્યક્રમ માટે હાલોલ તાલુકાના, ઘોઘંબા તાલુકાના, જાંબુઘોડા તાલુકાના, હોદ્દેદારોની ઉપસ્થિતીમાં મીટીંગ રાખવામાં આવી હતી. આ મીટીંગનું આયોજન આમ આદમી પાર્ટીના હાલોલ વિધાનસભા સંગઠન મંત્રી ભરત રાઠવાની અધ્યક્ષતામાં રાખવામાં આવી હતી.આ મીટીંગમાં પંચમહાલ જિલ્લા ટીમમાં થી ઉપસ્થિત પંચમહાલ જિલ્લા ઉપ પ્રમુખ પ્રવિણ રાઠવા તેમજ પંચમહાલ જિલ્લા સંયુકત સચીવ અર્જુનસિંહ બારીયા તેમજ છોટાઉદેપુર લોકસભા જોઈન્ટ સેક્રેટરી મલ્લિકા પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ હાલોલ તાલુકાના પૂ. સંગઠન મંત્રી લક્ષ્મણસિંહ પરમાર તેમજ અરૂણ દુબે નેતા આપ ઉષાબેન પાંડે નેતા આપ કીરીટભાઈ મનુભાઈ પરમાર સહ સંગઠન મંત્રી ગામ કાટડીયા તા હાલોલ.

## ગોધરા તાલુકાના સાંપા લપાણીયાના અને મધ્યસ્થ જેલ વડોદરા માંથી પેરોલ ઉપર છુટેલ આરોપી ફરાર થઈ જતાં ફરિયાદ

ગોધરા,

વડોદરા મધ્યસ્થ જેલમાં આજીવન કેદીની સજા કાપતા કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન રોડને પેરોલ ઉપર મુકત કરવામાં આવ્યો હતો. જે રજા પુરી થતાં હાજર નહી થઈ ફરાર થઈ જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા મધ્યસ્થ જેલમાં આરોપી સુનીલભાઈ દલતભાઈ ડામોર (રહે. ડેરોલ સ્ટેશન રોડ, મસ્જીદ પાછળ, મુળ. સાંપા લપાણીયા, તા ગોધરા) પાકા કામના કેદી તરીકે આજીવન સજા કાપતો હોય અને આ કેદીને ૬ જુન ૨૦૨૨ના રોજ ફ્લો રજા ઉપર મુકત કરવામાં આવ્યો હતો. સુનીલ ડામોરના પેરોલ રજા ૨૧ જુનના રોજ પુરી થતાં વડોદરા મધ્યસ્થ જેલમાં હાજર નહી થઈને ફરાર થઈ જતાં આ બાબતે વડોદરા મધ્યસ્થ જેલ દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.

## ગોધરા એસ.ઓ.જી. પોલીસે ઘરફોડ ચોરને ૪૦ હજાર રોકડ સાથે ઝડપ્યો

ગોધરા,

ગોધરા એસ.ઓ.જી. પોલીસે ઘરફોડ ચોરીના હિસ્ટ્રીશીટરને ઝડપી પાડી ૪૦ હજાર રોકડ કબ્જે લેવામાં આવ્યા. તેમજ ઘરફોડ ચોરીના ગુના ડિટેક્ટ કરવામાં સફળતા મળી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા ઉમર મસ્જીદ ગેની પ્લોટમાં રહેતા નિશાર અનવર બદામ ઉર્ફે જંગલીયો અને અનવર બશીર હયાત (રહે. હયાત વાડી) ક્યાંક થી રોકડ રૂપીયા અને અન્ય મુદ્દામાલ ચોરી લાવેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે નિશાર અનવર બદામ જંગલીયાને ઝડપી તેની અંગઝડતી દરમિયાન ૪૦,૦૦૦/–રૂપીયા રોકડા મળી આવ્યા હતા. પોલીસની પુછપરછ કરતાં સીમલા ગેરેજ વિસ્તાર માંથી રોકડા રૂપીયા, મોબાઈલ ફોન અને એ.ટી.એમ. કાર્ડ ચોરી કરેલ હતા. એ.ટી.એમ.કાર્ડ થી રૂપીયા કાઢવાનો પ્રયત્ન કરતાં ૫૦૦/–રૂપીયા નિકળેલ હતા. આરોપીને ઝડપી પાડી તેની વિરૂદ્ધ ગોધરા બી ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો.

## કાલોલ કસ્બા વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાડતા ઈસમને ઝડપ્યો

કાલોલ,

કાલોલ કસ્બા વિસ્તારમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતા સ્થળે પોલીસે રેઈડ કરી ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ કસ્બા વિસ્તારમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી રફીક કાલુભાઈ વાઘેલાને આંકડા લખવાની સ્લીપ બુક અને રોકડા ૨૦૬૦/–રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

## શહેરા તાલુકાના ગુણેલી ગામની સીમમાંથી પસાર થતો અણીયાદ તરફ જતો ડામર રસ્તા ઉપર વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલ નાળુ ખેડૂતો માટે ઝઘડાનું કારણ બન્યું

શહેરા,

શહેરા તાલુકાના ગુણેલી ગામની સીમમાંથી પસાર થતો અણીયાદ તરફ જતો ડામર રસ્તા ઉપર વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલ નાળુ ખેડૂતો માટે ઝઘડાનું કારણ બની ગયું છે. રસ્તા પરનું નાળુ એક તરફ માટી થી પૂરી દેવામાં આવતા પાંચ કરતાં વધુ ખેડૂતોની જમીનને નુકશાન થઇ રહયું હોવાથી ખેડૂતોએ અનેક રજૂઆત જિલ્લા કલેક્ટર થી લઈને સ્થાનિક તંત્રને વર્ષ દરમિયાન કરવા છતા આ સમસ્યા હલ નહી થતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી હતી.



શહેરા તાલુકાના ગુણેલી ગામ થી કવાલી અને અણીયાદ તરફ જતો ડામર રસ્તો એક વર્ષ અગાઉ નવીન બનાવવામાં આવ્યો હતો. આ રસ્તા ઉપર દસમા કોતરની પાસે વરસાદી પાણીના નિકાલ માટે નાળુ બનાવવામાં આવ્યું હતું. આ નાળાની એક સાઈડ માટી નાખીને પૂરી દેવામાં આવતા વરસાદી પાણીનો નિકાલ થતો અટકી જતા ખેડૂત દિનેશભાઈ માનાભાઈ ચૌહાણ, સોમાભાઈ પરમાર, રતનબેન વણકર, રતિલાલભાઈ સહિત અન્ય ખેડૂતોના ખેતરમાં વરસાદી પાણી ભરાઈ જતા નુકશાન જવાની શક્યતાને લઈને ખેડૂતો ભારે ચિંતિત થયા હતા. જાગૃત ખેડૂત દિનેશભાઈ સહિતના ઓએ રસ્તા ઉપરનું એક તરફનું નાળુ માટીથી પુરી દેવાને લઈને સ્થાનિક તંત્ર તેમજ જિલ્લા કલેક્ટર સુધી અનેક રજૂઆતો વર્ષ દરમિયાન કરવામાં આવવા છતાં આ ખેડૂતોની સમસ્યાનો હલ નહિ આવતા તંત્ર સામે નારાજગી જોવા મળી હતી. જ્યારે શુક્રવારના રોજ વરસાદ થતા દિનેશ ભાઈ સહિત અન્ય ખેડૂતોના ખેતરમાં પાણી ભરાઈ જતા ખેડૂતોની ખેતરમાં કરેલ મહેનત માથે પડતા એક તરફ નાળુ જે માટીથી પૂરી દેવામાં આવ્યુ હતું. તેને ખુલ્લુ કરવા માટે માટી કાઢવા જતા સામે વાળા ખેડૂત રાજેન્દ્રસિંહ એ માટી કાઢતા રોક્વા સાથે મારી જમીન અને કુવાને નુકશાન જશે તો રૂપિયા કોણ આપશે અને વરસાદી પાણીનો નિકાલ કરવો હોય તો ગટર લાઈન બનાવી દો તેવું જણાવતા ખેડૂતો વચ્ચે ઝગડો થઇ ગયો હતો. ડામર રસ્તા પર બનાવેલ નાળુ એક તરફ માટીથી પૂરી દેવાને લઈને ખેડૂતો માટે ઝગડાનું કારણ બની જવા પામ્યું હોય તેમજ જિલ્લા કલેક્ટર સુધી રજૂઆત થયા બાદ પણ ખેડૂતોની સમસ્યાનો અંત આવ્યો ન હતો. ડામર રસ્તા પર બનાવેલ એક તરફનું નાળુ માટીથી પૂરી દેવાના કારણે ખેડૂતો ઝગડતા હોય ત્યારે કોઈ મોટો બનાવ અહી બને તે પહેલા સબંધિત તંત્ર તેમજ જિલ્લા કલેક્ટર દ્વારા આ વરસાદી પાણીનો નિકાલ થાય અને ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઈ નહિ તે માટેની કાર્યવાહી કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી લાગી રહ્યુ છે.

અમારી જમીન પાસે ડામર રસ્તા પર નાળુ બનાવેલ છે. તે નાળુ એક સાઈડ થી સામેવાળા ખેડૂત રાજેન્દ્ર સિંહ એ માટીથી પૂરી દેતા વરસાદી પાણીનો નિકાલ થતો અટકી ગયો હતો. અમે જિલ્લા કલેક્ટર થી લઈને તાલુકાના લાગતા વળગતા અધિકારીઓને પણ લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી. અમારી સમસ્યાનો હલ આવ્યો નથી વરસાદ આવતા અમારા ખેતરોમાં પાણી ભરાઈ જતા ખેતીમાં અમને નુકશાન જશે તેવું છે.
દનેશ ભાઈ માના ભાઈ ચોહાણ ખેડૂત..... ગુણેલી ગામ....

ડામર રસ્તા પરના બનાવેલ નાળા માંથી વરસાદી પાણી કાઢવાની લઈને ખેડૂતો ઝગડતા જોવા મળી રહ્યા હતા. ખેડૂતો એકબીજાની જમીનને કુદરતી પાણીના કારણે નુકશાન જાય તેવું આ ખેડૂતોને લાગી રહ્યું છે. હાલ તો ખેડૂતોનો ઝઘડોનો અંત માત્રને માત્ર સંબંધિત તંત્રના અધિકારીઓ સળ ખાતે આવીને આનો નિકાલ કરે તો જ આવી શકે તેમ છે સાથે જિલ્લા કલેકટરને પણ જાગૃત ખેડૂત દ્વારા આ બાબતે રજૂઆત કરવામાં આવવા છતાં સમસ્યાનો અંત આવ્યો નથી. ત્યારે વરસાદી પાણીનો નિકાલ કઈ રીતે કરવો તે પ્રશ્ન હાલ ખેડૂતો માટે ઝઘડાનું કારણ બન્યુ છે.

હું નાળા પરની માટી કાઢવા નહી દઉ કેમ કે માટી કાઢી લેતો જ્યારે વરસાદ બહુ થાય તો મારી ખેતી, મારો કૂવો અને ઓરડી નુકશાન જાય તેવું છે. નુકશાન જાય તો રૂપિયા કોણ આપશે, વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવી દેવામાં આવવી જોઈએ.
રાજેન્દ્ર સિંહ..ખેડૂત....